| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૮/૦૬/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૪૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૭/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૨,૬૮,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ-

## ઓટોરીક્ષા ચોરીના ગુનાના અરોપીને પાસા હેઠળ અટકાયત કરતી ઘાટલોડીયા પોલીસ

મે શ્રી સંજય શ્રીવાસ્તવ પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી. અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. લવીના સિન્હા સાહેબ નાયબ પોલીસ કમી.શ્રી ઝોન-૧ તથા શ્રી જી.એસ.શ્યાનસાહેબ મદદનીશ પોલીસ કમી.શ્રી “એ” ડિવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ  સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબ નાઓના સુપરવીઝન હેઠળ (૧) ઘાટલોડિયા પોલીસ સ્ટેશન એ.પાર્ટ નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૨૮૬/૨૦૨૨ ધી ઇ.પીકો. કલમ ૩૭૯ મુજબ તથા (૨) નરોડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૨૦૬૩૬/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામના આરોપી વિરૂધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક:પી.સી.બી/ડીટીએન/પાસા/૬૫૩/૨૦૨૨ તા.૨૭/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૭/૦૬/૨૦૨૨ ના કલાક ૧૯/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૭/૦૬/૨૦૨૨

**આરોપીનુ નામ સરનામુ-**

ગણેશ ઉર્ફે રોડિયો ઉર્ફે લોટિયો નારણભાઈ ભાટી (બાવરી) ઉ.વ.૨૫ રહે. શીવરંજની ચાર રસ્તા ઓવરબ્રીજ નીચે સેટેલાઇટ અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :**

આ કામગીરીમાં પી.આર.ગામીત પો.સબ.ઇન્સ તથા એ.એસ.આઇ કમલેશભાઇ કાળાભાઇ બ.નં ૮૬૧૩ તથા અનાર્મ પો.કોન્સ કરશનભાઇ ગોવાભાઇ બ.નં ૧૦૨૦૯ તથા અનાર્મ પો.કોન્સ. વિજયભાઇ કાનજીભાઇ બ.નં-૧૦૨૪૩ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામભાઈ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ નોકરી-ઘાટલોડીયા પોલીસ સ્ટેશન નાઓ જોડાયેલ હતા.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૨**

**સાયબર ક્રાઇમઃ** જીતેન્દ્રભાઇ મોહનલાલ દુહલાની (ઉ.વ.૪૨)(રહે.સુર્યકેતુ ટાવર, જજીસ બંગલો રોડ, બોડકદેવ) એ તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૨૨ થી તા.૧૮/૦૬/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર ૮૩૦૭૭૪૫૧૪૦ ના ધારકે ફ્લેટ ભાડે રાખવાના બહાને તેનુ આધારકાર્ડ તથા પાનકાર્ડ જીતેન્દ્રભાઇને મોકલી તેમના એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરવાના બહાને જીતેન્દ્રભાઇના ડેબિટકાર્ડનો નંબર મેળવી લઇ, જીતેન્દ્રભાઇની પરમીશન વગર તેમના બેંક એકાઉન્ટમાં બેનિફિશયરી એડ કરી ઇન્ટરનેટ અને મોબાઇલ બેન્કીંગ તથા NEFT ના માધ્યમ થી જીતેન્દ્રભાઇના અલગ-અલગ બેંકના ખાતાઓમાંથી કુલ રૂપિયા ૯,૯૯,૯૯૫/- મેળવી લઇ જીતેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૨/૨૦૨૨**

**સરખેજઃ** શમશાદબાનુ વા/ઓ શેરખાન પઠાણ (ઉ.વ.૪૫)(રહે.અલઅક્સા-૪ ડુપ્લેક્ષ, અબુબકર મસ્જીદ સામે, ફતેવાડી, સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૨ સાંજના ૪/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની જાળી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી (૧) સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪૮,૫૦૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૦૨ કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- (૩) કાંડા ઘડીયાળ નંગ-૦૩ કિંમત રૂપિયા ૭,૫૦૦/- (૪) વાયરલેસ ઇયરફોન નંગ-૦૧ કિંમત રૂપિયા ૭,૦૦૦/- અને (૫) રોકડ રૂપિયા ૨૦,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૩/૨૦૨૨</u>

**શાહીબાગઃ** શશાંતભાઇ પ્રમોદચંદ કોઠારી (ઉ.વ.૫૦)(રહે.દિપક ફ્લેટ રાજસ્થાન હોસ્પીટલની પાછળ શાહીબાગ) તા.૨૭/૦૬/૨૦૨૨ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ શાલીમાર ફ્લેટના ગેટ અને શાલીમાર બંગ્લાના ગેટ વચ્ચે રોડ ઉપર મોર્નિંગ વોકમાં નીકળેલ હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) શશાંતભાઇના ગળામાં પહેરેલ સોનાની પેન્ડલસહિતની ચેઇન કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શશાંતભાઇ કોઠારીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

## <u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૨</u>

**ઓઢવઃ** હાર્દિકભાઇ બાબુભાઇ જેઠવા (ઉ.વ.૩૨)(રહે.શ્યામકુટીર ૧૦૮ ઇમરજન્સી કોલ સેન્ટરની સામે, હંસપુરા નવા નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ ગાંધીપાર્ક સોસાયટી આગળ પાર્ક કરેલ હાર્દિકભાઇની બલેનો ગાડીનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ગાડીની આગળની શીટમા પડેલ રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મુકેલ બેગની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** રવિસિંહ મહાવીરસિંહ ચૌહાણ (ઉ.વ.૩૪)(રહે.ન્યુ રણછોડરાયનગર, જગતપુર રોડ, જગતપુર) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદલોડીયા સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે આવેલ એસ.બી.આઇ. બેન્કની આગળ પાર્કિંગમા પાર્ક કરેલ રવિસિંહના મોટર સાયકલમા બાંધેલ કપડાની બેગ કે જેમા રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો હતા તે બેગ કોઇ અજાણી વ્યક્તિ ચોર કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૨</u>

**મેઘાણીનગરઃ** શીતલબહેન વા/ઓ વિશાલભાઇ ઝાલા (ઉ.વ.૪૨)(રહે.નેતાજીનગર રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**શહેરકોટડાઃ** અનીલભાઇ મનુભાઇ પારઘી (ઉ.વ.૨૩)(રહે.પીકર્સની ચાલી, અનીલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૨ સવારના ૭/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી